**સેશન્સ કેસ નંબરઃ– ૧૦૯/૨૦૨૧**
**આંક –૪૦**

| સેશન્સ કેસ નંબરઃ– ૧૦૯/૨૦૨૧ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૭ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | સરતનભાઈ મોહનભાઈ પરમાર | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9724947421 |
| ઉંમર આશરે | ૪૮ | વરસની | ધંધો | મજુરી |
| રહેવાનુ | ચાંદખેડા અમદાવાદ તા. અમદાવાદ | | ડીસ્ટ્રીકટ | અમદાવાદ |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી... |

(૧) ૨૦૨૧ની સાલમાં હું મારા ઘરે ભદ્દીવાડી ખાતે હાજર હતો. તે સમયે સરપંચ અને તેમની સાથે બીજા આવેલ માણસોએ મારી પાસે એક તૈયાર પંચનામામાં સહી કરાવેલી. પોલીસે મને કોઈ પંચનામા વિશે સમજ કરેલ નહી. હુ પંચનામા વિશે કંઈ જાણતો નથી. મે પંચનામામાં રહેવા કોઈ સ્વખુશી બતાવેલ ન હતી. માલજીભાઈ સામાતાભાઈને હુ મારા ગામના હોવાથી હુ ઓળખું છું. પોલીસે જ્યારે મારી સહી લીધેલી ત્યારે આ માલજી ત્યા હાજર ન હતા. મારી હાજરીમાં માલજીએ પોલીસ સમક્ષ પોતે હથિયાર રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. અને પોલીસે તે હથિયાર મારી હાજરીમા તપાસ અર્થે કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. મારી હાજરીમાં હથિયાર મુદામાલ તલવાર મારી હાજરીમાં રજુ કરેલ ન હોય, જે મુદામાલ બતાવવામાં આવે તો ઓળખી શકુ નહી.

મને માર્ક:૫/૬વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે

સાહેદની સહી...........................

મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ **આંક:૪૧** આપવામાં આવે છે.

**હોસ્ટાઈલ**

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે પોલીસે મારી પંચનામામાં સહી લીધી ત્યારે પોલીસ સમક્ષ એક ઈસમ હાજર હતો અને તેનું અમો પંચો રુબરુ નામઠામ પુછતા પોતાનુ નામ માલજીભાઈ સામતાભાઈ દેવીપુજક જણાવેલ હતું. સદર ઈસમે અમારી હાજરીમાં મારક હથિયાર રજુ કરવા માંગતા હોય તેથી તેઓના જણાવ્યા મુજબ અમો પોલીસની સાથે સદર ઈસમના કહેવા મુજબ સરકારી ગાડી લઈને નીકળેલા, તેઓના જણાવ્યા મુજબ અમો એક રહેણાંક વાળા ઘરે ગયેલા, સદર ઘરની બાજુમાં વાડ આવેલી, સદર વાડમાંથી એક તલવાર રજુ કરેલી, જે તલવાર જોતા જુના જેવી, પીતળના હાથાવાળી, ગોળ મુઠવાળી જેની લંબાઈ માપી જોતા ર ફુટ અને ૮ ઈંચ જેટલી થયેલ,જેની પહોળાઈ ૪ સે.મી. જેટલી થયેલી, સદર તલવારને તપાસ કરનાર અધિકારી મારી સહી લઈ તપાસ અર્થે કબજે કરી, જેનો માર્ક:એફ આપેલો. સદર ઈસમે ગુનાવાળી જગ્યા બતાવેલી. એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા માટે સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**સરતપાસ પુરી.**

સાહેદની સહી............................

**આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.એમ.પી.પરમાર..**

ઉલટ તપાસ નથી.

**વિશેષ ઉલટતપાસ નથી.**

**ફેર ઉલટતપાસ નથી..**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.ર૪/૦૭/ર૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| | મારી રૂબરૂ, |
| મુ. ડીસા<br>તા. ૧૭-૧૧-૨૦૨૫ | (કુ.એસ.એમ.કાનાબાર)<br>૬ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી............................